## 1. 'કાર્યવિશ્લેષણ' એટલે શું?

- નમૂના પરના કર્તુત્વની કસોટીઓ કાર્યવિશ્લેષણ દ્વારા પ્રાપ્ત થયેલી માહિતી પર આધારિત હોય છે. કાર્યવિશ્લેષણ એટલેકોઈ કાર્યમાંના વિવિધ કાર્યોનું વિસ્તૃત વર્ણન કરવું.

## 2. 'ઊથલો' એટલે શું?

- 'ઊથલો' એટલે કર્મચારીનું એક સંસ્થામાંથી અન્ય સંસ્થામાં જોડાવવું. વારંવાર કર્મચારીઓ દ્વારા સંસ્થામાંથી જતા રહેવું તેને'ઊથલો' કહેવાય.

## 3. જરૂરિયાતના ઉચ્ચપદાનુક્રમ (શ્રેણીક્રમ)નો સિદ્ધાંત કોણે આપ્યો છે?

- ઈ. સ. 1943માં અબ્રાહમ માસ્લોએ પ્રેરણાની સમજૂતી માટે જરૂરિયાતનો ઉચ્ચપદાનુક્રમ(શ્રેણીક્રમ)નો સિદ્ધાંત આપ્યો છે.

## 4. તાલીમના ત્રણ હેતુઓ દર્શાવો ?

- મનોવૈજ્ઞાનિક ટિફિન અને મેકકોમિક તાલીમના ત્રણ હેતુઓ દર્શાવ્યા છે :
  - ✓ (1) શક્તિઓ વિકસાવવી,
  - ✓ (2) માતાલીમના ત્રણ હેતુઓ દર્શાવો.
- મનોવૈજ્ઞાનિક ટિફિન અને મેકકોમિક તાલીમના ત્રણ હેતુઓ દર્શાવ્યા છે :
  - ✓ શક્તિઓ વિકસાવવી,
  - ✓ માહિતી આપવી તથા
  - ✓ કર્મચારીની અભિરુચિ અને મનોવલણોમાં પરિવર્તન લાવવું.
  - ✓ હિતી આપવી તથા  કર્મચારીની અભિરુચિ અને મનોવલણોમાં પરિવર્તન લાવવું.

## 5. સમાજનાં ક્યાં કાર્યરત સ્થળોનો સમાવેશ સંસ્થામાં થાય છે?

- બૅંકો, હૉસ્પિટલો, પોલીસ સ્ટેશન, ન્યાયાલય, શાળાઓ, કૉલેજો, ઉદ્યોગો, સ્ટોર કે દુકાન, હૉટેલ, રેસ્ટોરન્ટ, સર્વિસ સ્ટેશન વગેરે સમાજનાં કાર્યરત સ્થળોનો સમાવેશ સંસ્થામાં થાય છે
- 

## 6. કાર્યવિશિષ્ટીકરણનું મહત્ત્વનું પાસું કયું છે?

- કાર્યવિશિષ્ટીકરણનું મહત્ત્વનું પાસું એ છે કે કોઈ સમગ્ર કાર્ય કોઈ એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતું નથી, પરંતુ તેને ઘણા તબક્કાઓમાં કરવામાં આવે છે. પ્રત્યેક તબક્કો જુદી જુદી વ્યક્તિઓ કે જૂથો દ્વારા કરાય છે.

## 7. 'અધિકાર' એટલે શું?

- 'અધિકાર' એટલે કોઈ એક હોદાની અંતર્ગત આદેશ આપવાનો અને તે આદેશના પાલનની અપેક્ષાનો હક ધરાવવો.

## 8. 'કેન્દ્રીયકરણ' એટલે શું?

- કેટલીક સંસ્થાઓમાં ઉપરી વ્યવસ્થાપન દ્વારા જ બધા નિર્ણયો લેવામાં આવે છે અને તેઓની નીચે કામ કરતી વ્યક્તિઓ આ નિર્ણયોનું પાલન કરે છે. સંસ્થામાં આ 'કેન્દ્રીયકરણ' કહેવાય.

## 9. "ઔપચારીકરણ" એટલે શું?

- સંસ્થાનાં જે કાર્યોને જે હદે પ્રમાણિત અને ઔપચારિક બનાવવામાં આવે તેને "ઔપચારીકરણ" કહે છે.

## 10. સંસ્થાલક્ષી સંરચનાના પ્રકારો જણાવો.

- સંસ્થાલક્ષી સંરચનાના ત્રણ પ્રકારો છે :
  - ✓ (1) સરળ સંરચના,
  - ✓ (2) અમલદારશાહી સંરચના અને
  - ✓ (3) સમચોરસીય સંરચના.

## 11. અમલદારશાહી સંરચનાની સૌથી મોટી નબળાઈ કઈ છે?

- કાયદાઓને ચુસ્તપણે વળગી રહેવાનું વલણ એ અમલદારશાહી સંરચનાની સૌથી મોટી નબળાઈ છે. નિયમોના માળખામાં કોઈ જોગવાઈ ન હોય ત્યારે નિયમોમાં કોઈ સુધારા થઈ શકતા નથી.

## 12. કઈ સંસ્થામાં સમચોરસીય સંરચના ખૂબ અસરકારક નીવડે છે?

- જે સંસ્થામાં બહુવિધ, જટિલ અને એકબીજા પર આધારિત પ્રવૃત્તિઓ થતી હોય ત્યાં સરળ સંકલન માટે સમચોરસીય સંરચના ખૂબ અસરકારક નીવડે છે.

## 13. વ્યવસ્થાપકોનાં મૂળભૂત કાર્યો કયાં છે?

- વ્યવસ્થાપકોનાં મૂળભૂત કાર્યો આ પ્રમાણે છે :
  - ✓ (1) આયોજન,
  - ✓ (2) સંગઠન,
  - ✓ (3) ભરતી અથવા નિયુક્તિ,
  - ✓ (4) આગેવાની અથવા નેતૃત્વ અને
  - ✓ (5) નિયંત્રણ .

## 14. સંગઠન કોને કહેવાય?

- સંસ્થાનું કાર્ય કરવા માટે વિવિધ કર્મચારીઓની વિવિધ ભૂમિકા અને જવાબદારીઓને એકત્રિત કરી તેની સ્પષ્ટતા કરવાના કાર્યને સંગઠન કહેવાય.

### 15. 'કર્મચારીઓની પસંદગી' એટલે શું?

➢ 'કર્મચારીઓની પસંદગી' એટલે અરજદારોની મોટી સંખ્યામાંથી કેટલીક ચોક્કસ સંખ્યામાં કર્મચારીઓને પસંદ કરવાનો પ્રયત્ન.

### 16. મુલાકાત કઈ રીતે ઉપયોગી છે?

➢ મુલાકાત અરજદારમાં કાર્ય માટેનું આવશ્યક જ્ઞાન, કૌશલ્યો, મનોવલણો અને યોગ્યતાઓ છે કે નહિ તે ચકાસવા માટેની ઉપયોગી પદ્ધતિ છે.

### 17. કર્મચારીની પસંદગી મોટે ભાગે લેખિત કસોટીઓ વડે કરવી જોઈએ. કેમ?

➢ કર્મચારીની પસંદગી મોટે ભાગે લેખિત કસોટીઓ વડે કરવી જોઈએ કેમ કે

- ✓ (1) આ પક્ષપાત રહિત પ્રમાણિત કસોટીઓ છે.
- ✓ (2) અરજદારોની બહુ મોટી સંખ્યા માટે આ કસોટીઓનો ઉપયોગ સરળતાથી કરી શકાય છે.
- ✓ (3) આ કસોટીમાં સમય અને નાણાંની બચત થાય છે.

### 18. કર્તુત્વ કસોટીઓના બે મુખ્ય પ્રચલિત અભિગમો ક્યા છે?

➢ કર્તુત્વ કસોટીઓના બે મુખ્ય પ્રચલિત અભિગમો છે :

- ✓ (1) કાર્ય નિદર્શન અને
- ✓ (2) મૂલ્યાંકન કેન્દ્રો.